# ગાંધીનગર જિલ્લાનો ૮૬ ટકા ગ્રામ્ય વિસ્તાર કોરોના મુક્ત : આર.આર.રાવલ

## ૧૪ ટકા ગ્રામ્ય વિસ્તાર જ કોરોનાના પોઝિટીવ છે : જિલ્લા વિકાસ અધિકારી : ગાંધીનગર જિલ્લાનો ૯૫ ટકા જેટલો વિસ્તાર નોન - કન્ટેન્ટમેન્ટ ઝોનમાં એટલે કે ગ્રીન ઝોનમાં

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લાનો ૮૬ ટકા ગ્રામ્ય વિસ્તાર કોરોના મુક્ત અને સલામત રહી શક્યો છે. તેમજ ૧૪ ટકા ગ્રામ્ય વિસ્તારમાં કોરોના પોઝિટીવ કેસ નોંધાયા છે, તેવું જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લા સહિત સમગ્ર રાજયમાં કોરોનાનો હાહાકાર છે. કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે લોક ડાઉનની કડક અમલવારીએ ઉમદા ભૂમિકા અદા કરી છે. ત્યારબાદ ગાંધીનગર જિલ્લાના વિવિધ ગામના સરપંચશ્રીઓ, અગ્રણીઓ અને યુવાનોમાં કોરોના સંક્રમણ અટકાવવા માટેની જાગૃત્તિ લાવવાની કામગીરી કરવામાં આવતાં તેમના દ્વારા સુચારું રીતે લોકડાઉનનું પાલન કરવામાં આવ્યું હતું.





ગાંધીનગર જિલ્લાના વિવિધ ગામોના સરપંચશ્રીઓ અને ગ્રામજનોની જાગૃત્તિના હિસાબે ગાંધીનગર જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ ગામે ગામ ફેલાતા અટકાવી શકાયું છે. ગાંધીનગર જિલ્લામાં આજની તારીખે કુલ ૧૨૯ કોરોનાના પોઝિટીવ કેસ નોંધાયા છે. ગાંધીનગર જિલ્લાના માત્ર ૩૪ ગામોમાં જ કોરોનાના કેસ છે. જેની ટકાવારી પર નજરે નાખીએ તો ગાંધીનગર જિલ્લાના ૧૪ ટકા ગામોમાં કોરોનાના કેસો નોંધાયા છે. તેમજ ગાંધીનગર જિલ્લાના ૮૬ ટકા ગ્રામ્ય વિસ્તાર કોરોના મુક્ત અને સલામત રહ્યો છે. આ વાત 'મારું ગામ કોરોના મુક્ત ગામ' રાખવાનો જશ ગ્રામજનોને જાય છે.

ગાંધીનગર જિલ્લામાં કુલ ગ્રામ્ય વિસ્તારમાં ૫૬ કન્ટેન્ટમેન્ટ ઝોન છે. જેમાં ૭૪,૮૭૬ વ્યક્તિઓનો સમાવેશ આ કન્ટેન્ટમેન્ટ ઝોનમાં થાય છે. ગાંધીનગર જિલ્લાની અંદાજીત ૧૩ લાખની વસ્તી સામે માત્ર ૫.૭૧ ટકા વિસ્તાર કન્ટેન્મેન્ટ ઝોનમાં છે. બાકીનો ૯૫ ટકા જેટલો વિસ્તાર નોન–કન્ટેન્મેન્ટ ઝોનમાં એટલે કે ગ્રીન ઝોનમાં છે. આ કાર્ય ગામના સરપંચશ્રીઓ, કોરોના વોરિયર્સ, હેલ્થ વર્કર, પંચાયતના કર્મચારીઓ-અધિકારીઓ અને ગ્રામજનોના સહયોગ અને જાગૃત્તિથી શક્ય બન્યું છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ૫૪૦૦ કિલો બાયો મેડિકલ વેસ્ટનું કલેકશન કરી અને તેનો નિકાલ કરવામાં આવ્યો છે.
- ગાંધીનગર શહેરની વિવિધ પ્રા. શાળાના ૭૦ જેટલા શિક્ષકો કન્ટેનમેન્ટ ઝોનમાં સેવાઓ આપી રહ્યા છે. જેઓ પોલીસ કર્મી સાથે આ વિસ્તારની આવન-જાવનનું રજીસ્ટર મેઈનટેઈન કરવા સહિતની વિવિધ કામગીરી સંભાળી રહ્યા છે.
- ગાંધીનગર શહેરમાં ગરમીને કારણે વીજ વપરાશની માંગમાં વૃદ્ધિ થવા પામી છે.
- ગાંધીનગર જિલ્લા મહેસુલી કર્મચારી મહામંડળે રાજયના પ્રમુખ વિરમ દેસાઈની જન્મ દિવસની ઉજવણી કરી છે.
- ગાંધીનગર શહેરમાં છેલ્લા બે દિવસથી કોરોનાનો એક પણ કેસ ન નોંધાયા તંત્રએ હાશકારો અનુભવ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં શાકભાજીના પાકોના ભાવ ખેડૂતોને ન મળતાં ખેડૂતોમાં નારાજગી વ્યાપેલી જોવા મળી હતી.



... સાયકલ... સાયકલ... મારી સોનાની સાયકલ... ત્રણ પૈડાંની સાયકલ લઈને નીકળી પડેલુ આ બાળક અત્યારે મનમાં આ જ પંકિત ગણગણી રહ્યું હશે ને... દર વર્ષે ઉનાળાના લાંબા વેકેશનમાં સાયકલ ચલાવવાથી લઈને અનેક જાતભાતની રમતો રમાય છે. આખો ચોક કે ફળીયું સવાર-સાંજ બાળકોના કોલાહલથી ગુંજી ઉઠે છે. બાળકોને રોકવા ટોકવા પડે તેટલી પ્રવૃત્તિ અને રમતો વેકેશન દરમિયાન થાય છે. પરંતુ લોકડાઉનના કારણે આ વખતે ઉનાળાનું વેકેશન બાળકો માટે સાવ નિરસ બની ગયું છે. આખો દિવસ ઘરમાં ને ઘરમાં જ રહીને બાળકો હવે કંટાળ્યા છે. આવી જ રીતે કંટાળેલ આ બળક કોઈનીય પરવાહ કર્યા વિના પોતાની વ્હાલસોઈ સાયકલ લઈને નીકળી પડયું છે.

# ચંદ્રાલા પોઈન્ટ પરથી બે કારમાંથી વિદેશી દારુ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૮

કોરોના ના કહેર અને લોકડાઉનથી કંટાળી ગયેલા વ્યસની નાગરીકોએ જાણે અન્ય રાજયની સરહદ ભણી દોટ મુકી હોય તેમ લાગી રહ્યું છે. ચંદ્રાલા નાકા ચેક પોઈન્ટ પર વાહન ચેંકીગ દરમિયાન આંતરે દિવસે વિદેશી દારુની બોટલો સાથે વ્યસનીઓ પોલીસના હાથે પકડાય છે. ત્યારે ચંદ્રાલા નાકા પોઈન્ટ પર બે કારમાંથી ૨૦ વિદેશી દારુની બોટલ પોલીસે પકડી પાડી છે. અમદાવાદના બંન્ને શખ્સો સામે પોલીસે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ચિલોડા પોલીસ ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગ કરી રહી હતી તે દરમિયાન બુધવારના રોજ મોડીસાંજે હિંમતનગર તરફથી જી.જે.૨૭.એ.એચ.-૪૧૨૦ સ્વીફટ ડિઝાયર કાર આવી હતી. પોલીસે કાર સાઈડ કરાવીને ચેક કરતા સીટ પાછળ થેલામાંથી વિવિધ કંપનીની ૧૭ બોટલ દારુની મળી આવી હતી. પોલીસે કારન ચાલકનું નામ પુછતા કૃણાલ રાજેન્દ્ર પટેલ (ઉં.૩૪, ક-૧૯૨,સે-૫ વિવેકાનંદ નગર હાથીજણ અમદાવાદ) હોવાનું કહ્યું હતું.પોલીસે રૂ.૮,૬૦૦ નો દારુ, ૧૨૦૦ રોકડ, રૂ.૨ લાખની કાર મળીને કુલ રૂ. ૨,૦૯,૮૦૦ નો મુદામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

તો બીજીતરફ પોલીસે હિંમતનગર થી ચિલોડા બાજુ આવી રહેલી કાર નં. જી.જે.૦૧.આર.એકસ.-૫૧૧૯ બલેનો કાર ચેક કરતા તેમાંથી વિદેશી દારુની ૩ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૧૫૦૦ની કિંમતનો દારુ અને દોઢ લાખની કાર જપ્ત કરીને નિલેશકુમારઅશોકભાઈ સેનમા (ઉં.૨૫, નંદાનગર સોસાયટી ચેનપુર)સામે પ્રોહિએકટ મુજબ ગુનો નોંધી આરોપીઓ દારુ કયાંથી લાવ્યા તે દિશામાં તપાસ શરુ કરી છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




તું આઘી રહેજે... હવે હું શરમાળ ભારતીય સ્ત્રી વિષેની કવિતાનું ઓનલાઈન પઠન કરું છું...!!

## અમદાવાદમાં નવા ૨૪૭ કેસ

અમદાવાદ શહેરમાં મે મહિનાની શરૂઆતથી કોરોનાના કેસોમાં જે ઉછાળો જોવા મળ્યો હતો તેમાં કોઈ રાહત જોવા મળતી નથી. શહેરમાં છેલ્લા ૨૮ દિવસથી એકાદ દિવસને બાદ કરતા સતત ૨૫૦થી વધુ કેસો નોંધાઈ રહ્યા છે એટલું જ નહીં કોરોનાના સંક્રમણને લીધે ટપોટપ મોત યથાવત છે. અમદાવાદમાં આજે ગુરૂવારે ૨૪૭ નવા કેસ નોંધાયા હતા. જયારે કોરોનાની સારવાર દરમિયાન આજે વધુ ૧૬ દર્દીઓના મોત નિપજયા હતા. અમદાવાદમાં કુલ કેસ ૧૧૩૪૪ થઈ ચુક્યા છે. અમદાવાદમાં કુલ મૃત્યુઆંક ૭૮૦ થઈ ગયો છે.

### ઈન્સ્ટિટયુટ એડવાન્સ્ડ રિસર્ચ દ્વારા

# ગાંધીનગરની ૫૦થી વધુ શાળાઓ સેનિટાઈઝેશન કરાશે

ગાંધીનગર, તા.૨૮

ઈન્સ્ટિટયુટ એડવાન્સ્ડ રિસર્ચ તેમજ પુરી ફાઈન્ડેશનના મેનેજમેન્ટ દ્વારા હાલમાં એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે ભારતનું ભવિષ્ય કહી શકાય એવુ ભારતનુ યુવાધન જે શાળાઓમાં અભ્યાસ કરે છે. તેવી ગાંધીનગરની ૫૦ થી વધુ શાળાઓમાં ઈન્સ્ટિટયુટ એડવાન્સ્ડ રિસર્ચ દ્વારા સેનિટાઈઝેશનની કામગીરી હાથ ધરવામાં આવશે. આ સેનિટાઈઝેશનની કામગીરીમાં વધુ માં વધુ શાળઓ જોડાય તે માટે મો.૭૮૭૮૨૫૬૮૨૨ રજીસ્ટ્રેશન નંબર પર કોલ કરીને અથવા ઈન્સ્ટિટયુટ એડવાન્સ્ડ રિસર્ચના સોશિયલ મિડીયા મારફત તેમની સ્કુલ સેનિટાઈઝેશનની કામગીરી માટે રજીસ્ટર કરાવી શકે છે. શાળા રજીસ્ટર થયા બાદ ગણતરીના સમયમાં ઈન્સ્ટિટયુટ એડવાન્સ્ડ રિસર્ચ તેમનો સંપર્ક કરી સેનિટાઈઝેશનની કામગીરી હાથ ધરવામાં આવશે.આઈએઆર એ નવિન આધુનિક યુનિવર્સિટી છે. જે વ્યવસાયીક રીતે કેન્દ્રીત અંડર ગ્રેજયુએટ, અનુસ્નાતક, અને સંશોધન ડિગ્રી પ્રોગામ પ્રદાન કરે છે. આઈએઆરની સ્થાપના વર્ષ ૨૦૦૬ માં થઈ હતી. આ યુનિવર્સિટીને પુરી ફાઉન્ડેશન ફોર એજયુકેશન દ્વારા આર્થિક સહકાર પુરો પાડવામાં આવે છે.



**નાગરીકોને પડતી હાલાકી અંગે રાજયના મુખ્ય સચિવ સાથે કોંગ્રેસના ધારાસભ્યોએ ચર્ચા કરી**

ગુજરાત રાજયના મુખ્ય સચિવ અનિલ મુકીમ ને ગુરુવારના રોજ રૂબરૂમાં મળીને કોવિડ-૧૯ની મહામારીમાં અમદાવાદ અને ગુજરાતના નાગરીકોને પડતી હાલાકી અંગે વિગતે લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે વિધાનસભા કોંગ્રેસના ઉપનેતા શૈલેષભાઈ પરમાર, સિનિયર ધારાસભ્ય હિંમતસિંહ પટેલ, ગ્યાસુદિન શેખ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી નિશિત વ્યાસ ઉપસ્થિત રહીને કોવીડ-૧૯ ને પગલે નાગરીકોને પડતી હાલાકી મુદ્દે મુખ્ય સચિવને આવેદન પત્ર પણ આપવામાં આવ્યું હતું.

# મગોડી સ્થિત રાહેલબા વૃદ્ધાશ્રમમાં પુણ્યતિથિ નિમિત્તે કરિયાણાની કીટ અર્પણ

ચિલોડા, તા. ૨૮

ગાંધીનગર તાલુકાના મગોડી સ્થિત રાહેલબા વૃદ્ધાશ્રમમાં ૫૫ અશક્ત, માનસિક અને શારિરીક રીતે દિવ્યાંગ વડીલોનું આશ્રયસ્થાન બન્યું છે. ત્યારે હાલમાં કોરોના વાયરસ કોવિડ-૧૯ અને બે માસથી લોકડાઉનની સ્થિતિમાં વૃદ્ધાશ્રમમાં જરૂરિયાત પ્રમાણે દાન પૂરતા પ્રમાણમાં નહીંવત આવતાં મુશ્કેલીનો સામનો વેઠવો પડે છે. ત્યારે સેવાભાવી સંસ્થાઓ અને વ્યક્તિઓ દ્વારા જાણે અજાણે આ અંગે જાણકારી મળતાં થોડી મદદરૂપ થવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ત્યારે ચિલોડા ગામના અગ્રણી નટુભાઈ પટેલ (પત્રકાર)ના માર્ગદર્શન હેઠળ સંસ્થાને મદદરૂપ થવાનો પ્રયાસ વંદનીય છે. ત્યારે તેમના પિતા સ્વ. શિવાભાઈ પટેલની ૧૧મી પુણ્યતિથી નિમિત્તે કરિયાણાની કીટ આપી માનવતાની મહેક પ્રસરાવી હતી. દર વર્ષે પુણ્યતિથી નિમિત્તે વડીલોને મિષ્ટાન્ન ભોજન જમાડવાના નેમને આ વર્ષે કરિયાણાની ભેટ આપી ઉત્તમ માનવતાનુ ઉદાહરણ પુરૂ પાડ્યુ છે. આ પ્રસંગે સંસ્થાના સંચાલક નિર્મળાબેન દાતાને સંકટ સમયે મદદરૂપ થવાના ઉમદા કાર્યને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત સરકાર

NATIONAL HEALTH MISSION राष्ट्रीय स्वास्थ्य मिशन

નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા અન્વયે જાહેર જનતાના હિતાર્થે ...

- કોરોના પોઝિટિવ આવેલ દર્દીએ સહેજ પણ ગભરાવવાની જરૂર નથી
- કોરોનાના લક્ષણો ન હોય અથવા અતિ સામાન્ય લક્ષણો જણાય તો ઘરે આઈસોલેશનમાં રહી ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ નિયમોનું પાલન કરો જેથી આપના કુટુંબના સભ્યો પણ સુરક્ષિત રહે
- જે વ્યક્તિ કોરોના પોઝિટિવ હોય પરંતુ સંક્રમણના લક્ષણો ન હોય તો પોતાના ઘરે આઈસોલેશન માં રહી ઘરઘથ્થુ ઉપચાર જેવા કે ગરમ પાણીનો નાસ લેવો, હૂંફાળું પાણી પીવું, આયુર્વેદિક ઉકાળો લેવો, વિટામિન-સી યુક્ત ખોરાક અથવા પ્રવાહી લેવા વગેરેનો ઉપયોગ કરી કોરોના સંક્રમણ મુક્ત થઈ શકાય છે
- જયારે કોરોના સંક્રમણના લક્ષણો જેવા કે તાવ આવવો, ખાંસી અથવા શરદી થવી, તેમજ શ્વાસ લેવામાં તકલીફ થાય તો તુરંત નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો

કોરોના વાયરસ અંગે વધુ માહિતી માટે ૧૦૪ પર કોલ કરો
24 x 7 કન્ટ્રોલ રૂમ – ૦૭૯ ૨૩૨ ૫૦૮૧૮ અને ૦૭૯ ૨૩૨ ૫૧૯૦૦

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા જનહિતમાં પ્રસારિત

gujhealth.gujarat.gov.in @GujHFWDept @healthfamilywelfare Health & Family Welfare Dept., Govt. of Gujarat